૧	શ્રીમતી જાગૃતિબેન એન. જોષી	સી.ડી. પી.ઓ-૧ અર્બન	(૦૨૭૮)	--	મો. ૯૯૦૯૫ ૫૯૪૯૪	-	-	મોતી બાગ ટાઉન હોલ

પ્રકરણ – ૮ (નિયમ સંગ્રહ – ૭)

સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો

૮.૧ જાહેર તંત્રના સરકારી માહિતી અધિકારીઓ, મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સત્તાધિકારી વિશેની સંપર્ક માહિતી નીચેના નમુનામાં આપો.

સરકારી તંત્રનું નામ : સંકલિત બાળ વિકાસ સેવા યોજના - ૨ અર્બન – ૨

મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર		ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	શ્રીમતિ રેખાબેન પી. પાઠક	સી.ડી. પી.ઓ-૨ અર્બન	(૦૨૭૮)	-	મો. ૯૭૧૨૯ ૯૪૦૪૦	-	cdpo. bhv. urban 2@ gmail. com	મોતી બાગ ટાઉન હોલ

સરકારી માહિતી અધિકારીઓ :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર		ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	શ્રી એચ. પી. દવે	જાહેર માહિતી અધિકારી અને ટાઈપીસ્ટ કમ કલાર્ક	(૦૨૭૮)	૨૪૨૪૦૪૪		-	-	-

વિભાગીય એપેલેટ (કાયદા) સત્તાધિકારી :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર		ફેક સ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	શ્રીમતિ રેખાબેન પી. પાઠક	સી.ડી. પી.ઓ-૨ અર્બન	(૦૨૭૮)	-	મો. ૯૭૧૨૯ ૯૪૦૪૦	-	-	મોતી બાગ ટાઉન હોલ

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૮

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ? (સચિવાલય નિયમ સંગ્રહ અને કામકાજના નિયમોના નિયમસંગ્રહ, અન્ય નિયમો / વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય)

૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતિઓ / ઠરાવેલી / કાર્યપધ્ધતિઓ / નિયત માપદંડો / નિયમો કયા કયા છે ? નિર્ણય લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે ?

૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઈ વ્યવસ્થા છે ?

૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે ? સરકારશ્રીનાં સામાન્ય વહીવટી હુકમો તેમજ કમિશ્નર ભાવનગર મહાનગર પાલિકા અને સામાન્ય સભા.

૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.

ક્રમ નંબર	
જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય માર્ગદર્શક સુચન / દિશા નિર્દેશ જો કોઈ હોય તો	
નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો	
ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી	
જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ?	

પ્રકરણ – ૧૦

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૯ થી ૧૦

પ્રકરણ – ૧૦ (ઘટક – ૧)

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

૧૦.૧ નીચેના નમુનામાં જિલ્લાવાર માહિતી આપો.

અ. નં.	નામ	હોદ્દો	એસ.ટી. ડી.કોડ	ફોન નંબર		ફેક્સ	ઈ મેઈલ
				કચેરી	ઘર		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી જે. એન. જોષી	સી.ડી. પી.ઓ. વર્ગ-૨	૦૨૭૮	૨૪૨૧૧૧૧	મો. ૯૯૦૯૫ ૫૯૪૯૪	--	--
૨	શ્રીમતી જે. એમ. વ્યાસ	-"-	૦૨૭૮	૨૪૨૧૧૧૧	મો.૯૪૦૮૩ ૭૪૪૮૩	--	--
૩	શ્રી આર.બી. ભટ્ટ	જુ. કલાર્ક	૦૨૭૮	૨૪૨૧૧૧૧	--	--	--
૪	શ્રી કે. એ. રાઠોડ	પટ્ટાવાળા	૦૨૭૮	૨૪૨૧૧૧૧	--	--	--

પ્રકરણ – ૧૦ (ઘટક – ૨)

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

૧૦.૧ નીચેના નમુનામાં જિલ્લાવાર માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	એસ.ટી. ડી.કોડ	ફોન નંબર		ફેકસ	ઈ મેઈલ
				કચેરી	ઘર		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી આર. પી. પાઠક	સી.ડી. પી.ઓ. વર્ગ-૨	૦૨૭૮-૨૪૨૪૦૪૪	--	મો. ૯૭૧૨૯ ૯૪૦૪૦	--	--
૨	શ્રીમતી આર. ડી. દવે	સુપર વાઈઝર	-"-	--	૨૫૬૪૪૭૧ મો.૯૪૨૬૧ ૪૫૮૨૪	--	--
૩	શ્રી એચ. પી. દવે	ટાઈપીસ્ટ કમ-કલાર્ક	-"-	--	મો.૭૩૮૩૯૩ ૪૪૪૪	--	--
૪	શ્રી એમ. ડી. ગોહિલ	ડ્રાઈવર	-"-	--	મો. ૯૪૨૮૮ ૫૬૨૭૬	--	--
૫	શ્રી એન.એસ. રાઠોડ	પટ્ટાવાળા	-"-	--	મો. ૯૯૨૪૫ ૨૯૯૮૪	--	--

પ્રકરણ – ૧૧
(નિયમ સંગ્રહ- ૧૦)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૧૧ થી ૧૨

પ્રકરણ – ૧૧(નિયમ સંગ્રહ- ૧૦) (ઘટક-૧)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧.૧ નીચેના નમુનામાં માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	માસિક મહેનતાણું (એપ્રિલ-૧૬)ની સ્થિતિએ	વળતર / વળતર ભથ્થુ	વિનિયમમાં જણાવ્યાં મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રીમતી જે. એન. જોષી	સી.ડી. પી.ઓ. -૧	૬૯૫૦૨/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૨	શ્રીમતી જે. એમ. વ્યાસ		૫૭૮૭૦/-	--	--"--
૩	શ્રી આર.બી. ભટ્ટ	જુ. કલાર્ક	૨૭૭૧૯/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૪	શ્રી કે. એ. રાઠોડ	પટ્ટાવાળા	૨૬૦૯૮/-	--	--"--
૫	૧ થી ૧૭૩ સુધીના	આંગણવાડી કાર્યકરો	૫૫૦૦/-	--	માનદ મહેનતાણાની રકમ સરકારશ્રીના હુકમ અનુસાર
૬	૧ થી ૧૭૦ સુધીના	તેડાગર	૨૮૦૦/-	--	--"--

પ્રકરણ – ૧૧(નિયમ સંગ્રહ- ૧૦) (ઘટક-૨)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧.૧ નીચેના નમુનામાં માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	માસિક મહેનતાણું (એપ્રિલ-૧૬)ની સ્થિતિએ	વળતર/ વળતર ભથ્થુ	વિનિયમમાં જણાવ્યાં મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રીમતી આર. પી. પાઠક	સી.ડી. પી.ઓ. -૨	૫૩૮૦૩/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૨	શ્રીમતી આર.ડી. દવે	સુપર વાઈઝર	૫૫૬૧૭/-	--	--"--
૩	શ્રી એચ. પી. દવે	ટાઈપીસ્ટ કમ-કલાર્ક	૨૭૦૬૨/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૪	શ્રી એમ.ડી. ગોહિલ	ડ્રાઈવર	૩૨૫૪૭/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૫	શ્રી એન.એસ. રાઠોડ	પણવાળા	૨૯૭૯૯/-	--	બી.એમ.સી.ના પગાર ધોરણ મુજબ
૬	૧ થી ૧૨૨ સુધી	આંગણવાડી કાર્યકરો	૪૭૫૦/-	--	માનદ મહેનતાણાની રકમ સરકારશ્રીના હુકમ અનુસાર
૭	૧ થી ૧૨૨ સુધી	તેડાગર	૨૪૦૦/-	--	--"--

પ્રકરણ – ૧૨
(નિયમ સંગ્રહ- ૧૧)
પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૧૩ થી ૧૪

પ્રકરણ-૧૨ (નિયમ સંગ્રહ-૧૧) (ઘટક-૧)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચુકવણી અંગે અહેવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનીકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર

૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં આપો. (વર્ષ : ૨૦૧૭-૧૮)(આંકડા હજારમાં)

ક્રમ નં.	યોજનાનું નામ / સદર	પ્રવૃતિ	પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ	પ્રવૃતિના અંતની અંદાજેલ તારીખ	સુચિત રકમ	મંજુર થયેલ રકમ	છુટી કરેલ / ચુકવેલ રકમ (હપ્તાની ગ્રાન્ટ)	છેલ્લા વર્ષેનું ખરેખર ખર્ચ	કાર્યની ગુણવતા માટે સંપૂર્ણ પણે કામગીરી માટે જવાબદાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	આઈ. સી.ડી. એસ. -૧	બાળકોના સવાગી વિકાસની કામગીરી	૧/૪/૧૭	--	૪૯૩૮૫	૪૪૨૩૦	૩૨૧૮૩	૨૬૧૩૪	સી.ડી. પી.ઓ. વર્ગ-૧

અન્ય જાહેર તંત્રો માટે :

ક્રમ નં.	સદર	સુચિત અંદાજપત્ર	મંજુર થયેલ અંદાજપત્ર	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા)	કુલ ખર્ચ
૧	૨	૩	૪	૫	૬
---------- નીલ ----------					

પ્રકરણ-૧૨ (નિયમ સંગ્રહ-૧૧) (ઘટક-૨)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચુકવણી અંગે અહેવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનીકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર

૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં આપો. (વર્ષ : ૨૦૧૬-૧૭) (આંકડા હજારમાં)

ક્રમ નં.	યોજના નું નામ / સદર	પ્રવૃતિ	પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ	પ્રવૃતિ ના અંતની અંદાજેલ તારીખ	સુચિત રકમ	મંજુર થયેલ રકમ	છુટી કરેલ / ચુકવેલ રકમ (હપ્તા ની ગ્રાન્ટ)	છેલ્લા વર્ષેનું ખરેખર ખર્ચ	કાર્યની ગુણવતા માટે સંપૂર્ણ પણે કામગીરી માટે જવાબદાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	આઈ. સી.ડી. એસ. - ૨	બાળકોના સવાગી વિકાસની કામગીરી	૧/૪/૧૬	---	૪૭૮૫૭	૪૪૬૫૭	૨૫૭૩૭		સી.ડી. પી.ઓ. અર્બન-૧

અન્ય જાહેર તંત્રો માટે :

ક્રમ નં.	સદર	સુચિત અંદાજપત્ર	મંજુર થયેલ અંદાજપત્ર	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા)	કુલ ખર્ચ
૧	૨	૩	૪	૫	૬
---------- નીલ ----------					

પ્રકરણ-૧૫

(નિયમ સંગ્રહ-૧૪)
કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૧૫

પ્રકરણ-૧૫ (નિયમ સંગ્રહ – ૧૪) કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો

૧૫.૧ વિવિધ પ્રવ્રતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો.

(૧) સ્થાનિક સંસ્થા (ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન) સ્થાપના દિન ઉજવણી કાર્યક્રમ ૧૪મી ફેબ્રુરઆરી

(૨) આંતર રાષ્ટ્રીય મહીલા દિન ઉજવણી ૯ મી મે, ૮- માર્ચ

(૩) વિશ્વ આરોગ્ય દિન ઉજવણી ૭ મી એપ્રીલ.

(૪) મે દિન અને ગુજરાત રાજય સ્થાપના દિન ઉજવણી ૧ લી મે

(૫) સ્વચ્છતા અભિયાન જુલાઈ માસ

(૬) વિશ્વ વસ્તી દિન ઉજવણી ૧૧ મી જુલાઇ

(૭) બાળ આરોગ્ય તપાસ ઝુંબેશ કાર્યક્રમ જુલાઈ- ઓગષ્ટ

(૮) વિટામીન-એ ટીપા પીવડાવવા કાર્યક્રમ - ઓગષ્ટ

(૯) વિશ્વ સ્તનપાન સપ્તાહ, ઉજવણી ૧ થી ૭ ઓગષ્ટ

(૧૦) રાષ્ટ્રીય પોષણ સપ્તાહ, કાર્યે ઉજવણી - ૧ થી ૭ સપ્ટેમ્બર

(૧૧) આઈ.સી.ડી.એસ. યોજના સ્થાપના દિન -૨ જી ઓકટો.

(૧૨) બાલ દિન ઉજવણી ૧૪ મી નવેમ્બર

(૧૩) વિશ્વ એઈડસ દિન ઉજવણી ૧ લી ડીસેમ્બર

(૧૪) ગણ તંત્રદિન અને પ્રજાસત્તાકદિનની ઉજવણી ૧૫ મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરી.

(૧૫) શહેરનાં પછાત વિસ્તારોમાં બાળકો અને માતાઓનાં મેડીકલ ચેક અપ કાર્યક્રમો વર્ષે દરમ્યાન કરવામાં આવે છે.

(૧૬) સરકારશ્રી જાહેર થયેલ તારીખો દરમ્યાન પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત વિસ્તારમાં નાટકો તથા અન્ય કાર્યક્રમો યોજવામાં આવે છે.

(૧૭) આરોગ્ય કેલેન્ડર મુજબ ઉજવણી

(૧૮) મમતા દિવસની ઉજવણી

(૧૯) આંગણવાડી પ્રવેશોત્સવ તથા શાળા પ્રવેશોત્સવની ઉજવણી

(૨૦) માતા યશોદા એવોર્ડની કામગીરી -શ્રેણીકરણ કામગીરી

(૨૧) કિશોરી શકિત તાલિમ તથા પુરકઆહારની કામગીરી

પ્રકરણ-૧૭
(નિયમ સંગ્રહ-૧૬)
માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૧૬

પ્રકરણ-૧૭ (નિયમ સંગ્રહ-૧૬)
માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો, પધ્ધતિઓ અથવા સવલતો જેવી કે,....

- કચેરી ગ્રંથાલય.
- નાટક અને શો
- વર્તમાન પત્રો
- પ્રદર્શનો
- નોટીસ બોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ
- દસ્તાવેજોની નકલો મેળવવાની પધ્ધતિ
- ઉપલબ્ધ મુદ્દિત નિયમસંગ્રહ
- જાહેર તંત્રની વેબસાઈટ
- જાહેર ખબરનાં અન્ય સાધનો.

પ્રકરણ-૧૮

(નિયમ સંગ્રહ-૧૭)
અન્ય ઉપયોગી માહિતી

ભાવનગર મહાનગરપાલિકા

આઈ.સી.ડી.એસ. વિભાગ - ૧ તથા ૨

પાના નં. ૧૭ થી ૫૨

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અધિકારીની કચેરીમાં કરતાં આંકડાં મદદનીશે કરવાની કામીગીરી (જોબચાર્ટ)

(૧) આંગણવાડી કાર્યકરોનાં માસીક પ્રગતિ અહેવાલો તેમજ માસીક મોનીટરીંગ અહેવાલો એકત્રીત કરવા.

(૨) આંગણવાડી કક્ષાએ રાખવામાં આવતા રેકર્ડ તથા રજીસ્ટરોની જાળવણી, અદ્યતન માહિતી ભરીને કરવામાં આવે તે અંગેની ચકાસણી કરવી, આ અંગે મુખ્ય સેવિકા તેમજ આંગણવાડી કાર્યકરને જરૂરી માગદર્શન પુરૂ પાડવું.

(૩) ઘટક કક્ષાએ આંગણવાડીની કાયમી માહિતીનું રજીસ્ટર રાખવુ તેમજ પ્રગતિ અહેવાલો ઉપરથી લાભાર્થીની તેમજ અન્ય તમામ વિગતોનું રજીસ્ટર પણ દર માસની અદ્યતન માહિતી ભરીને નિભાવવું.

(૪) ખાદ્ય- સામગ્રી અંગે ઘટક કક્ષાના સંકલિત માહિતી એકત્ર કરવી.

- (૫) જીલ્લા તેમજ રાજય કક્ષાએ મોકલવાનાં થતાં માસીક, ત્રિમાસીક તેમજ વાષિક અહેવાલો એકત્રિત માહિતી ઉપરથી તૈયાર કીને મોકલી આપવા જેવા કે..,
- ભારત સરકારને મોકલવાનો કોમ્પ્યુટરાઈઝ માસીક પ્રગતિ અહેવાલ.
- ખાસ અંગભુત યોજનાનો માસીક પ્રગતિ અહેવાલ.
- આયોજનનાં ત્રિમાસીક પ્રગતિ અહેવાલો.
- ૨૦ મુદ્રાનો માસીક પ્રગતિ અહેવાલ.
- સુખડી કાર્યક્રમનો અઠવાડીક અહેવાલ.
- ઘંઉ આધારીત (વ્હીટર બેઈઝ) કાર્યક્રમનો અઠવાડીક અહેવાલ.
- રાહત કામો પર ખોલવામાં આવતી વધારાની આંગણવાડીઓનો અઠવાડીક અહેવાલ.
- ખાસ ચુકતાહાર યોજનાનો માસીક પ્રગતિ અહેવાલ.
- ખાદ્ય સામગ્રીનો માસીક પ્રગતિ અહેવાલ.
- રોગ પ્રતિકારક રસીનો માસીક પ્રગતિ અહેવાલ.

- (૬) માસીક પ્રગતિ અહેવાલો ઉપરથી આંગણવાડીની કામગીરીનું મોનીટરીંગ કરવું, મુખ્યત્વે નીચેના મુદ્રાઓ આવરી લેવા.
- સખ્ત હુ પોષણથી પીડાતા ગ્રેડ ૩-૪ ના બાળકોની યાદી ઉપરથી તેમની તંદુરસ્તીમાં થતાં સુધારાની વિગતોનાં અહેવાલ (નબળા બાળકો અંગે)
- મંજુર થયેલ જગ્યાઓ નિમણુંક તેમજ તાલીમની વિગતોનાં અહેવાલ.

(૭) પુરક પોષણતાં દિવસોની સંખ્યા પ્રમાણે આવરી લેવાયેલ લાભાથીૅઓની સંખ્યા કુલ વસ્તી સામેની ટકાવારી.

(૮) ખાદ્ય-સામગ્રીનો વપરાશ (લાભાથીૅઓની સંખ્યા સામે)

(૯) હેલ્થ ચેકઅપ, રોગ - પ્રતિકારક રસી તેમજ રેફરલ સેવાઓની વિગતો.

(૧૦) પૂવૅ પ્રાથમિક શિક્ષણમાં બાળકોની હાજરી.

(૧૧) મુખ્ય સેવિકાઓનાં આંગણવાડીઓની મુલાકાત અને મુખ્ય સેવિકાની ડાયરીમાં નિયત કરેલ રજીસ્ટરની ચકાસણી.

(૧૨) મોનીટરીંગની માહિતી ઉપરથી કામગીરીનું મુલ્યાંકન (સરખામણી) કરી સુધારા માટેના પગલા સુચવવા.

(૧૩) દર ત્રણ માસે મોકલવામાં આવતા કોમ્પ્યુટર શીટમાં આંગણવાડીઓની માહિતી ચકાસીને અદ્યતન માહિતી ભરીને નિયત - સપથ મયૉદામાં પરત મોકલી આપવી.

(૧૪) નવી આંગણવાડીઓ ખોલવા માટે જરૂરી માહિતી એકત્ર કરી તેનું પ્રથ્થકરણ કરી સ્થળ સુચવવા.

(૧૫) રાજય તેમજ જીલ્લા કક્ષાએથી માંગવામાં આવતી આંકડાકીય માહિતી પુરી પાડવા તેમજ મોનીટરીંગ માટે ઉપસ્થિત કરવામાં આવતા મુદ્રાઓની પુતૅતા કરવી.

ગામડાંની વિકાસ

સંકલિત

ગ્રામવિકાસ યોજનાઓ



૧૨-મહિલા અને બાળકો માટેની યોજનાઓ

ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા સ્ત્રીઓ અને બાળકો માટે જુદા જુદા ક્ષેત્રોમાં જુદી-જુદી યોજનાઓબહાર પાડવામાત્રઆવે છે. સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગે આ યોજનાનો લાભ લઈશકે તેવો સરકારનો આ સઘન પ્રયાસ છે. આ પ્રકરણમાં સરકારના જુદા- જુદા વિભાગોમાં મહિલા અને બાળકો માટેની યોજનાનું સંકલન કરેલ છે અને ટુંકમાં યોજનાની માહિતી આપેલ છે.

અ. નં.	યોજનાનું નામ યોજનાનો લાભ કોને મળશે ?	યોજના વિશે ટુંકી માહિતી	અમલીકરણ અધિકારી
૧	• સ્વાસ્થ્ય અને પોષણ બાળકો અને માતાઓને (સર્વેજાતિ માટે)	• રોગ પ્રતિરક્ષણ • પુરક પોષણ • આરોગ્ય તપાસ • રસીકરણ સંદર્ભે સેવા આંગણવાડી મારફત માતાઓ અને બાળકોને પોષણ અને રસીકરણ જેવી મફતસેવા આપવમાં આવે છે.	સી.ડી.પી.ઓ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૨	• કમિશ્નર, મહિલા અને બાળવિકાસ કચેરીની યોજનાઓ મહિલા જાગ્રતિકરણ શિબીર મહિલાઘટક (સર્વેજાતિ માટે)	મહિલાઓના હકકો, આરોગ્ય ઉર્જા,સંરક્ષણ માટેના જાગ્રતિ કાર્યક્રમ	મહિલા અને બાળ વિકાસ ફીલ્ડ ઓફિસરની કચેરી, જિલ્લા પંચાયત
	કાનુની સહાય કેન્દ્ર	મહિલાને લગતા દહેજ, અત્યાચાર ભરણપોષણ, કુટુંબ કલેશ, જેવા પ્રશ્નોમાં કાયદાકીય સલાહ	

૧-સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ)

ગુજરાત રાજયમાં સંકલિત બાળ - વિકાસયોજના ૨ જી ઓકટોબર ૧૯૭૫ થી અમલમાં છે.ભારતના બંધારણમાં કલ્યાણ રાજયની ભાવના સિધ્ધ કરવા માટે કેટલાક લ૧યાંકો નકકી કરવામાં આવ્યા છે. આ લ૧યાંકને સિધ્ધ કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવ્યા છે. દેશના ગરીબ અને પછાત પ્રજાજનોની સ્થિતી સુધારવા માટે વિશેષ પગલાં લેવાવા જરૂરી છે.

માનવ શકિતનો વિકાસએ દેશના વિકાસ માટેનું અગત્યનું પરિબળ છે. વ્યકિતના શારીરિક તેમજ માનસિક વિકાસનો પાયો બાલ્યાવસ્થામાં જ રોપાઈ જાય છે. ભારતના મોટા ભાગના બાળકો ગરીબ તેમજ શૈક્ષણિક, સામાજિક, આર્થિક વગેરે લાભોથી વંચિત કુટુંબોમાં ઉછેરે છે. પ્રારંભિક બાલ્યાવસ્થામાં કુપોષણ, માંદગી, વિકલાંગતાના તેમજ મૃત્યુદરના વિષયકને તોડી પાડવામાં આવે તો દેશમાં આર્થિક, સામાજિક તથા સર્વાંગી વિકાસ માટે ગણનાપાત્ર ફાળો મેળવી શકાય.

સંકલિત બાળ વિકાસ સેવાઓનું આયોજન કરવા ભારત સરકારશ્રીના માનનીય આયોજન મંત્રીશ્રીએ ૧૯૭૨માં સુચન કયુર્ં, આના કારણે આઠ અભ્યાસ જુથોની રચના કરવામાં આવી અને તેઓના અહેવાલના આધારે સંકલિત બાળ સંભાળ અંગેની એક દરખાસ્ત રજુ કરવામાં આવી આ દરખાસ્ત મુજબ બાળકોના પુરકપોષણ, રોગપ્રતિકારક રસીઓ, સંદર્ભે નિષ્ણાંત સેવાઓ સાથેની આરોગ્ય સંભાળ, માતાઓને પોષણ, આરોગ્ય શિક્ષણ, પૂર્વે પ્રાથમિક શિક્ષણ, મનોરંજન, કુટુંબ કલ્યાણ, પીવાના ચોખ્ખા પાણીની સેવાઓ સાંકળી લેવામાં આવી પાંચમી પંચવર્ષીય યોજના તૈયાર કરવા માટેના સલાહકાર જુથે પણ બાળકો માટેની પ્રાથમિક સેવાઓના સંકલન માટે ભલામણ કરી હતી. આ ભલામણોનો સ્વીકાર કરી સમાજકલ્યાણ વિભાગના આયોજનમાં પ્રાથમિક બાળવિકાસ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

સંકલિત બાળ વિકાસ યોજનાને આખરી સ્વરૂપ મળ્યા બાદ આ યોજનાના ૩૩ ઘટકો સમગ્ર દેશમાં ૧૯૭૫-૭૬ માં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં વડોદરા જિલ્લાનો છોટાઉદેપુર ઘટક પ્રાયોગિક ધોરણે સૌ પ્રથમ શરૂ થયો. આ ઘટકોની કામગીરીના મુલ્યાંકનમાં જણાઈ આવ્યું કે આ યોજનાથી બાળકોનું આરોગ્ય અને પોષણ સ્તર સુધર્યું છે. પછાત જ્ઞાતિ અને આદિવાસીઓ તથા ગરીબ વર્ગેના બાળકોને ગણનાપાત્ર લાભ મળ્યો છે.

સંકલિત બાળ વિકાસ યોજનાના હેતુઓ :-

(૧) ૦ થી ૬ વર્ષેના બાળકોનું પોષણ અને આરોગ્યનું સ્તર સુધારવું.

(૨) બાળકના શારીરિક, માનસિક તથા સામાજિક વિકાસનો પાયો નાંખવો.

(૩) બાળ મૃત્યુ, બાળ માંદગી, કુપોષણ તેમજ અદ્ય- વચ્ચેથી શાળા છોડી જનાર બાળકોનું પ્રમાણ ઘટાડવું.

(૪) બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ વિભાગો સાથે નીતિ અને અમલ અંગે અસરકારક સંકલન કરવું.

(૫) બાળકની પોષણ અને આરોગ્ય વિષેની સામાન્ય કાળજી અંગે માતાઓની કાર્યદક્ષતા વધારવી.

સેવાઓ :-

જુદી - જુદી સેવાઓ જો સંકલિત સ્વરૂપે આપવામાં આવે તો વધુ અસર પડે એ વિચારસરણી પર આધાર રાખી વિવિધ સેવાઓનું સંકુલ રચવામાં આવ્યું છે જેવી કે - (૧) પૂર્વ પ્રાથમિક શિક્ષણ

(૨) પુરક પોષણ

(૩) રોગ પ્રતિકારક રસીઓ

(૪) આરોગ્ય તપાસ

(૫) સંદર્ભ નિષ્ણાંત સેવાઓ

(૬) પોષણ / આરોગ્ય શિક્ષણ

છ વર્ષથી નીચેની વયના બાળકો માટે જ આ સેવાઓ મર્યોદિત રાખવામાં આવી છે. બાલ્યાવસ્થાને બાળકના વિકાસ માટે કસોટી કાળ ગણવામાં આવે છે. બાળકના સામાજિક, માનસિક અને શારીરિક વિકાસમાં માતાનો ફાળો અગત્યનો હોય છે. જેથી સ્તનપાન કરાવતી માતાઓ અને સગર્ભા સ્ત્રીઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

(૧) પૂર્વ પ્રાથમિક શિક્ષણ :-

બાળક છ વર્ષનું હોય ત્યારે તેને શાળાએ મોકલવું જરૂરી છે. આ માટે તેને માનસિક રીતે તૈયાર કરવું જોઈએ. આથી જયારે તે ત્રણ વર્ષનું થાય ત્યારે તેને પ્રાથમિક શિક્ષણ આપવા માટે નિયમિત આંગણવાડી કેન્દ્રમાં મોકલવું જોઈએ. ખરેખર બધા બાળકો શીખવાની જિજ્ઞાસા સાથે જન્મે છે. તેની જિજ્ઞાસાને સંતોષવા અને બૌધ્ધિક વિકાસને વેગ આપવા માટે પ્રોત્સાહનની જરૂર છે. આવું પ્રોત્સાહન તેને આંગણવાડી કેન્દ્ર દ્વારા મળી રહે તેવું આયોજન કરાયેલ છે.

આંગણવાડી કેન્દ્રોમાં બાળકને સામાન્ય અક્ષરજ્ઞાન, ભાષા જ્ઞાન સંખ્યા જ્ઞાન, આપવામાં આવે છે. જેથી તે તેની આસપાસના પર્યોવરણ અને સામાજિક માળખાને સમજતું થાય છે. જે બાળકના ભાવનાત્મક અને સામાજિક વિકાસ માટે સહાયરૂપ છે. આંગણવાડીમાં મળતું પૂર્વે પ્રાથમિક શિક્ષણ તેના ભવિષ્યના શાળાકીય શિક્ષણ માટે પાયાનું કામ કરે છે અને તેની શિક્ષણ પ્રત્યેની અભિરૂચીને આગળ વધારવામાં મદદરૂપ બને છે.

(૨) પુરક પોષણ :-

બાળકના તંદુરસ્ત વિકાસ અને ઉછેર માટે માતા અને બાળક બંને માટે પુરક પોષણની જરૂર જણાઈ છે. આ માટે સગર્ભો માતાને આયોડીન યુકત મીઠું અને વિટામીન -એ યુકત ખોરાક લેવાની ખુબ જરૂર છે. પાંડુરોગ એ સગર્ભોવસ્થા દરમિયાન ઉદભવતી સમસ્યા છે. પાંડુરોગથી પીડાતી સગર્ભો સ્ત્રી નબળાઈ અનુભવે છે. અને સગર્ભોવસ્થા કે સુવાવડના સમયે જોખમકારક બની શકે છે. આવી સ્ત્રીના બાળકનું વજન ઓછુ હોઈ શકે છે અને બાળક માંદગી થવાની શકયતા વધુ રહે છે. આ માટે લોહતત્વ / ફોલિક એસીડની ગોળીઓનો કોર્સ કરાવવામાં આવે છે. પાંડુરોગથી પીડીત ધાત્રી માતાઓએ પણ લોહતત્વ / ફોલીક એસીડની ગોળીઓનો કોર્સ પુરો કરવો જરૂરી છે. આ ગોળીઓ આંગણવાડી કેન્દ્ર ઉપરથી પુરી પાડવામાં આવે છે.

જન્મથી ૬ માસ સુધી બાળક માટે માતાનું દુધ શ્રેષ્ઠ છે. પરંતુ ૬ માસ પછી તેને ધાવણ ઉપરાંત વધારાના આહારની જરૂર પડે છે. અને જો વધારાનો આહાર ન મળે તો બાળકનું વજન વધતું નથી તે ધીરે ધીરે નબળું પડતું જાય છે અને સહેલાઈથી માંદગીનો ભોગ બને છે. વિટામીન-એ જન્મથી છ વર્ષના બાળકોને

માટે ખુબ અગત્યનો પુરક પોષક આહાર છે. વિટામીન- એ ઓરી તેમજ શ્વાસના ચેપસામેની પ્રતિરોધક શક્તિમાં વધારો કરે છે. રતાંધણાપણાને અટકાવે છે. ૦ થી ૩ વર્ષેના બાળકને દર છ મહિને વિટામિન -એ નો ડોઝ આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવે છે. પુરક પોષણની સેવા માટે આંગણવાડી કાર્યેકર અને તેડાગર બહેનોની મદદથી આંગણવાડી કેન્દ્ર ઉપર દરરોજ લાભાર્થીે દીઠ ૧૦૦ કેલેરી અને ૧૦ થી ૧૨ ગ્રામ પ્રોટીન મળે તેવી વાનગી બનાવીને બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ (સ્તનપાન કરાવતી માતાઓ) ને આપવામાં આવે છે. આ પુરક પોષણ માટે ખાદ્ય સામગ્રીનો જથ્થો રાજય કક્ષાએ કમિશ્નર કચેરી દ્વારા ફાળવવામાં આવે છે. જેમાં બાલભોગ, ઉપમા, શિરો, સુખડી વિ. નાં પ્રિમિકસ THR પેકેટ તથા ૩ થી ૬ વર્ષના બાળકોને સરકારશ્રીમાંથી મળતા પુરવઠામાંથી વાનગી બનાવી પીરસવામાં આવે છે. તેમજ ૩ થી ૬ વર્ષનાં લાભાર્થી બાળકોને સોમ અને ગુરૂ સીઝનલ ફ્રુટ અને સોમ અને શની સુધી ગરમ નાસ્તો પણ આપવામાં આવે છે.

નિદર્શન ભોજનમાં

તા.૨૫-૬-૨૦૧૩નાં સરકારશ્રીનાં પરિપત્ર મુજબ કુપોષણ દુર કરવાનાં ભાગરુપે ત્રીજુ ભોજન એટલે કે ઘરે લઈ જવાના નાસ્તાનો લાભ આપવાનો શરૂ થયેલ છે. જે અઠવાડીયામાં છ દિવસ સોમ થી શની આપવાનું રહેશે. જેમાં લાભાર્થીદીઠ રૂ.૩/- (ત્રણ) નો ખર્ચ થાય છે. જેમાં ૫ ગ્રામ ઘઉં નો લોટ, ૨૦ ગ્રામ ચણાનો લોટ, ૧૫ ગ્રામ ગોળ અને ૮ ગ્રામ તેલ અને શીંગ દાણા – ૫ ગ્રામનો ઉપયોગ કરવાનો થાય છે.

એજ રીતે સરકારશ્રીએ તા.૧૭-૭-૨૦૧૩ નાં પરિપત્રથી વાત્સલ્ય દિવસ અને બાળદિવસની ઉજવણી ની યોજના અમલમાં મુકેલ છે. કુપોષણનો દર ઘટાડવા માટે સગર્ભા માતાઓને કુપોષણ અંગે જાગૃત કરવા માટેની છે.

વાત્સલ્ય દિવસની ઉજવણીમાં લાભાર્થી દીઠ રૂ.૨૦/- ની મર્યાદામાં કરવાનો રહે છે. આંગણવાડી દીઠ મહત્તમ રૂ.૧૪૮૭/- થી ખર્ચ વધી શકશે નહી.

અને બાળદિવસ રૂ.૧૧૧/- એક આંગણવાડી દીઠ ખર્ચ કરવાનો રહે છે. રૂ.૧૦૦૦/- થી મહત્તમ ખર્ચ કરી શકશે નહી.

ઉપરોક્ત રીતે સરકારશ્રીએ પુરકપોષણ અર્થે નવી બે યોજનાઓ અમલમાં મુકેલ છે.

(૩) રોગપ્રતિકારક રસીઓ :-

બાળકોને જીવલેણ રોગથી બચાવવા સમયસર રસીઓ મુકાવવી ખુબ જરૂરી છે. ભારતમાં ૫૦% બાળકો તેના જન્મની પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતા નથી. આ પહેલા જ તે મૃત્યુ પામે છે. રસીકરણ ક્ષય, ધનુર, કાળી ખાંસી (ઉંટાટીયું) પોલિઓ અને ઓરી સામે રક્ષણ આપે છે.

ધનુરની રસી સગર્ભો સ્ત્રીઓએ પણ મુકાવવી અત્યંત જરૂરી છે. સગર્ભો સ્ત્રીઓએ ધનુરની રસીના બે ઈન્જેકક્ષનો અવશ્ય લેવા જોઈએ. ધનુરની રસી માતા અને બાળકને ધનુરથી બચાવે છે. જો પ્રસવ દરમ્યાન ચોખ્ખાઈ રાખવામાં ન આવી હોય કે ચોખ્ખી - જંતુ વગરની બ્લેડ વાપરવામાં ન આવી હોય તો માતા અને બાળકને ધનુર થઈ શકે છે. પ્રથમ રસી સગર્ભોવસ્થાની જાણ થતાં જ મુકાવવાની હોય છે અને બીજી રસી પહેલી રસીના એક મહિના પછી મુકાવવાની હોય છે.

બાળકને જન્મના ૧ વર્ષે દરમિયાન બી.સી.જી.ની એક રસી, ડી.પી.ટી. અને પોલિયોની ત્રણ, ઓરીની એક રસી આપવી જોઈએ. રસીઓ સ્વાસ્થ કેન્દ્રો, દવાખાનાઓમાં મળી શકે છે.

રસીકરણ યાદીનું સમય પત્રક :-

(ખાનામાં ટીક કર્યો મુજબ રસી અપાવવી)	જન્મનો મહિનો	૧.૫ મહિને	૨.૫ મહિને	૩.૫ મહિને	૯ મહિને	૧૮-૨૪ મહિને	૫-૬ વર્ષે
બી.સી.જી.	✓						
ડી.પી.ટી.		✓	✓	✓		✓	
પોલીયોની ટીપા	✓	✓	✓	✓		✓	✓
ઓરી					✓		
ડી.ટી. રસી							✓

ઓરીની રસી સાથે વિટામિન ભભએભભ નો ડોઝ પણ આપવો જરૂરી છે.

નવજાત શિશુઓ માટે રોગ પ્રતિરક્ષણ રસીઓની પુરી માત્રાનો કોસેં પુરો કરવો અનિવાર્યે છે. કોસેં પુરો કરવામાં ન આવે તો રી પરિણામ આપે નહી. રસી માટેનો દર્શાવેલો સમય ચુકાઈ જાય તો પણ રસીકરણ કરાવવાનું ચાલુ રાખવું જોઈએ.

બાળક સાધારણ બિમારીથી પિડાતુ હોય કે કુપોષણથી પિડાતુ હોય તો પોષણનું રસીકરણ કરાવવું જોઈએ. રસીકરણ કરાવ્યા પછી બાળકને દુઃખાવો, તાવ, બેચેની કે ચિડીયાપણુ થઈ શકે છે. બી.સી.જી. ની રસી જે જગ્યાએ મુકાવેલ હોય તે જગ્યા પર આશરે એક મહિના બાદ બેડલી કે ફોલ્લો થઈ શકે છે. જે આપોઆપ સુકાઈ જાય છે.

(૪) આરોગ્ય તપાસ :-

આઈ .સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ મુળભુત છ સેવાઓ આપવામાં આવે છે જે પૈકી પૂર્વે પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય પોષણ શિક્ષણ આઈ.સી.ડી. એસ. ના સ્ટાફ દ્વારા આપવામાં આવે છે. છ વર્ષેની નીચેના બાળકોનું સતત પોષણ સ્તર જળવાઈ રહે છે કે કેમ તે જાણવા માટે બાળકોના પોષણ સ્તરનું ગ્રેડેશન કરવામાં આવે છે. બાળકોનું દર માસે નિયમિત વજન કરી ગ્રોથચાર્ટમાં પ્લોટીંગ કરીને કુપોષણના સ્તર ઉપર નજર રાખવામાં આવે છે.

અત્યંત કુપોષિત બાળકોમાં પોષણનું સ્તર ફકત પુરક પોષણ વધારે આપવાથી ઉચું આવતું નથી. આ માટે આવા બાળકોની સતત તબીબી તપાસ અને સારવાર થાય તે અત્યંત જરૂરી છે.

બાળકની વૃધ્ધિ ઉપર દેખરેખ

- બાળકની પોષણ સ્થિતિ નકકી કરે છે.
- તેનાથી શરૂઆતના તબકકામાં જ બાળકની અપુરતી વૃધ્ધિ અને કુપોષણની જાણ થાય છે.
- બાળકના જન્મથી જ નિયમિતપણે વજન કરી તેની વૃધ્ધિની દેખરેખ રાખવી શરૂ કરવી જોઈએ.
- ત્રણ વર્ષે સુધીની ઉંમરના બાળકોનું દર ત્રણ મહિને વજન કરવું.
- ગંભીરપણે કુપોષિત બાળકનું દર મહિને વજન કરવું.
- એકલું વજન લેવુ પુરતું નથી. ઉંમરની સાથે સાથે વધતા વજનને વૃધ્ધિ આલેખમાં ટપકા મુકી ભરવું પણ જરૂરી હોય છે. આ ટપકા જોડવાથી બાળકની વૃધ્ધિ રેખા બને છે.

(૫) સંદર્ભે નિષ્ણાંત સેવાઓ :-

જનસ્વાસ્થ્ય એ રાષ્ટ્રીય ઉત્થાનની પારાશીશી છે. તે માટે સરકારશ્રી તરફથી પ્રાથમિક આરોગ્ય સંભાળ તેમજ તબીબી સેવાઓ પુરી પાડવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ છ વર્ષથી નીચેની વયના બાળકો, સગર્ભાસ્ત્રીઓ તેમજ સ્તનપાન કરાવતી માતાઓનું આરોગ્ય તેમજ પોષણ સ્તર સુધારવા સંકલિત રીતે વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રીઓ દ્વારા દર માસે નિયમિત તેમના વિસ્તારના આંગણવાડી કેન્દ્ર કક્ષાએ આવી સેવાઓ આપવાની રહે છે. અને જરૂરતમંદ બાળકોને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર કે જિલ્લા હોસ્પિટલમાં રીફર કરી પુરતી સારવાર અપાય છે. આ માટે મેડિકલ કોલેજો / હોસ્પિટલોનાં સાથે ન્યુટ્રીશન રીહેબીબીટેશન સેન્ટરો બાળરોગ માટે કામગીરી કરે છે.

(૬) પોષણ અને આરોગ્ય અંગે શિક્ષણ :-

ગરીબ અને ઓછા શિ૧િત કુટુંબોના વ્યકિતઓમાં સામાન્ય રીતે એવી ગેરસમજ હોય છે. કે બાળકો કુદરતી રીતે મોટા થતા હોય છે અને ઉંમર વધવાની સાથે જરૂરી માનસીક અને શારીરિક વિકાસ આપમેળે જ થતો હોય છે. આવી ગેરસમજ દુર થાય અને બાળકની ઉંમર ૬ વર્ષની થાય ત્યાં સુધીના સમય ગાળાનું મહત્વ સમજાવવા માટે મા-બાપ સાથે વાતચીત કરવાના મુદ્રાઓ અને સંદેશાઓ આ પુસ્તકમાં સમાવી લેવામાં આવ્યા છે.

ઘટકની પસંદગી :-

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ગ્રામ વિસ્તારમાં તાલુકો ઘટક તરીકે આદિવાસી વિસ્તારમાં આદિવાસી ઘટક અને શહેરી વિસ્તારમાં વોર્ડ અથવા ઝુંપડપટ્ટી વિસ્તારો ઘટક તરીકે રહેશે. ગ્રામ વિસ્તારમાં ઘટકની પસંદગી માટે નીચે જણાવેલ મુદ્રાઓને અથવા આપવામાં આવશે.

(૧) જયાં આદિવાસીઓની વસ્તી વધુ હોય તેવા આદિવાસી વિસ્તાર ખાસ કરીને પછાત આદિવાસીઓ.

(૨) પછાત વિસ્તારો, ડુંગરાળ તથા રણ જેવા પ્રદેશો.

(૩) દુષ્કાળ ગ્રામ વિસ્તારો.

(૪) મહદઅંશે અનુસુચ્તિ જાતિની વસ્તી હોય તેવા વિસ્તારો.

(૫) પોષણની ક્ષતિયુકત વિસ્તરો.

(૬) સામાજિક સેવાઓન : વિકાસની દ્રષ્ટિએ પછાત વિસ્તારોમાં વોર્ડોની પસંદગી માટે નીચે જણાવેલ બાબતોને અગ્રતા આપવામાં આવશે.

(અ) ગંદા વસવાટ (સ્લમ વિસ્તાર) વાળા વિસ્તારો.

(બ) અનુસુચિત જાતિની વસ્તી હોય તેવા વિસ્તારો.

૩-આંગણવાડી કાર્યકરની ફરજો

સંકલિત બાળ વિકાસ યોજનના અસરકારક અમલીકરણ માટે આંગણવાડી કાર્યકરોએ નીચે મુજબની ફરજો બજાવવાની હોય છે. ૧ ૦ થી ૬ વર્ષના બાળકો સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓની મોજણી કરીયાદી તૈયાર કરવી. કુટુંબના સભ્યો અને આવકની માહિતી પણ મેળવવી ખાસ કરીને નવા જન્મોઅને બાળ મૃત્યુ કે મૃતબાળ જન્મ વિષેનાઅગત્યનાઆંકડા પણ મેળવવા અપંગ,શોષિતઅને નિરાધાર બાળકોની યાદી તૈયાર કરવી. આ વિગત એકઠી કરવા અનેમોજણી કરવા બાબતે આઈ.સી.ડી.એસ.ના સુપરવાઈઝર.

(૧) બહેનોને મુખ્ય સેવિકાઓએ માર્ગદર્શન આપવાનું હોય છે.

(૨) ૦ થી ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને પુરક પોષણ આપવું.

(૩) જે તે વિસ્તારોના લોકો, મહિલાઓ અને બાળકોને આરોગ્ય અને પોષણ અંગેનું શિક્ષણ આપવું.

(૪) ૩ થી ૬ વર્ષના બાળકોને તેઓ શાળામાં દાખલ થાય તે પહેલાં તેમને અનૌપચારિક શિક્ષણ આપવું.

(૫) ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને આરોગ્ય વિષયક પ્રાથમિક માહિતી આપવી અને તાત્કાલિક સારવારની જરૂર પડે મદદરૂપ થવું.

(૬) નાના બાળકોમાં ઉદભવતી ખામીઓને શરૂઆતના તબકકે જ ઓળખી અને ખામીઓ થતી અટકાવવી.

(૭) આંગણવાડીમાં આવતા બાળકોના માતા - પિતાનો સંપર્ક કરી આ કાર્યક્રમ માટે તેમનો સહયોગ મેળવવો.

(૮) રસીકરણ અને આરોગ્ય તપાસણીમાં આરોગ્ય કર્મચારીઓને મદદ કરવી.

(૯) તીવ્રકુપોષણથી પીડાતા બાળકો / માંદા બાળકો અને ચેપી રોગ ધરાવતા બાળકોને આરોગ્ય કેન્દ્રમાં મોકલવા.

(૧૦) બાળકોનાવજન અંગેના કાર્ડ, આરોગ્યના કાર્ડ, પુરક પોષણના રેકર્ડ, હાજરીપત્રક વગેરે નિભાવવું.

(૧૧) આઈ.સી.ડી.એસ.ના કાર્યક્રમમાં પંચાયત, મહિલા મંડળો, શાળાઓ અને સ્થાનિક સંસ્થાઓનો સહયોગ મળી રહે તે માટે સતત સંપર્કમાં રહેવું.

(૧૨) પોતાના કાર્યક્ષેત્રના વિસ્તારની અંદર આવેલા તમામ કુટુંબોના વાર્ષિક શૈક્ષણિક સર્વેની કામગીરી પ્રાથમિક શિક્ષકો સાથે રહીને કરશે.

(૧૩) મહિલાઓ અને બાળકોના વિકાસ માટેની સરકારી યોજનાઓ જેવી કે સુવર્ણ જયંતિ ગ્રામ, સ્વરોજગાર યોજના, સ્વયં શિક્ષણ યોજના વગેરેના મહિલા જુથો વ્યવસ્થિત ચાલે તે માટે તેમને મદદ કરશે.

(૧૪) આરોગ્યઅને પોષણ વિષયક નિદર્શનો ગોઠવવામાં મદદ કરશે. દરેક બાળકોના વૃધ્ધિ અને વિકાસ માટેના ચાર્ટ નિભાવશે.

(૧૫) જુદી - જુદી સરકારી યોજનાઓની માહિતી પોતાના વિસ્તારના લોકોને આપશે.

(૧૬) બાળકો અને મહિલાઓને લગતા પ્રશ્નો અંગે ગ્રામ કક્ષાની બાળ વિકાસ સમિતિને મદદ કરશે.

(૧૭) નાના બાળકોને થતા રોગો શરૂઆતના તબકકે શોધી કાઢી ગ્રામ્ય આરોગ્યની પુનઃ સ્થાપન કર્મચારી તરીકે કામગીરી કરશે.

(૧૮) કિશોર વયની બાલિકા માટે ચાલતી કિશોરી શકિત યોજના જો તેના વિસ્તારમાં ચાલુ હોય તો તે અંગે પણ કામગીરી કરશે.

૪- આઈ.સી.ડી.એસ.નાં સુપરવાઈઝરની ફરજો

(૧) આંગણવાડી કાર્યકરોને તેમની કામગીરી માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમ સ્થળ પર જ પુરી પાડવી.

(૨) સ્થાનિક આરોગ્ય કાર્યકર સાથે અઠવાડિયામાં, ઓછામાં ઓછા એક આંગણવાડીની મુલાકાત લેશે. અને પોતાના વિસ્તારમાં આવેલી તમામ આંગણવાડીઓ માંની મહિલામાં ઓછામાં ઓછી એક મુલાકાત લેવાય તે પ્રમાણે પ્રવાસનું આયોજન કરશે. પોતાના પ્રવાસનું આયોજન કરશે. પોતાના કાર્યમથકથી પાંચ કિ.મી. થી વધુ દુર આવેલા ગામોમાં અઠવાડિયામાં ઓછામાં ઓછું એક રાત્રિ રોકાણ કરશે.

- (૩) આંગણવાડીની મુલાકાત દરમ્યાન સુપરવાઈઝરશ્રી નીચે જણાવેલ કામગીરી કરશે. :
- દરેક ઘરની મોજણીમાં અને આવી મોજણી દર ત્રણ માસે અદ્યતન કરવામાં અને આઈ.સી.ડી.એસ. યોજનાના લાભાર્થીઓના કુટુંબો માટે સ્પષ્ટ યાદી તૈયાર કરવા માટે આંગણવાડી કાર્યકરને માર્ગદર્શન આપશે.
- અત્યંત ગરીબ સ્થિતિના અને તીવ્ર કુપોષણથી પીડાતા ખાસ કરીને ૩ વર્ષથી નીચેના બાળકોની યાદીની ચકાસણી કરશે.
- બાળકોની ચોકકસ ઉંમર અને તેમના વજન અને ઉંચાઈ વગેરેને લગતા ચાર્ટ તૈયાર કરાવમાં આંગણવાડી કાર્યકરને મદદ કરશે.
- આરોગ્યની રીતે જોખમી પરિસ્થિતિ ધરાવતા બાળકો અને માતાઓને ઓળખી કાઢવામાં અને તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ઉપચાર માટે મોકલવામાં આંગણવાડી કાર્યકરોને મદદ કરશે.
- તીવ્ર કુપોષણથી પીડાતા બાળકોનું જાતે જ વજન કરશે અને આવા બાળકોને તંદુરસ્ત બનાવવા માટે આંગણવાડી કાર્યકરને જરૂરી માર્ગદર્શન આપશે.
- વાર્તો કહેવી, વિવિધ રમતોનું આયોજન અને રંગોની ઓળખ વગેરે જેવી પૂર્વે શાળા પ્રવ્રતિઓ ચલાવવા માટે આંગણવાડી કાર્યકરોને માર્ગદર્શન આપશે.

- માતાઓને આરોગ્ય અને પોષણ અંગેનું શિક્ષણ અસરકારક રીતે કેવી રીતે આપી શકાય તે માટેનું નિદર્શન આંગણવાડી કાર્યકરો માટે કરશે.
- બાળકોમાં નાની ઉંમરમાં ઉદભવતી ખામીઓ શોધી કાઢવા માટે અને નિવારવા માટે આંગણવાડી કાર્યકરોને જરૂરી માર્ગદર્શન આપશે.
- મોજણીના રજિસ્ટરોમાં અને રસીકરણોના રજિસ્ટરોમાં થતી જન્મ અને મરણની નોંધણીની ચકાસણી કરશે.
- આંગણવાડી કાર્યકરોએ રાખવાના થતા રજિસ્ટરો તપાસશે અને તેમને યોગ્ય રીતે નિભાવવા માટે માર્ગદર્શન આપશે.
- જે આંગણવાડી કાર્યકરો ઓછુ ભણેલા હોય તેમને રેકર્ડ લખવામાં મદદ કરશે.

આંગણવાડી કાર્યકરો અપાતા ખોરાકનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થા અને તે તૈયાર કરી બાળકોને આપવાની વ્યવસ્થાની ચકાસણી કરશે. પુરક પોષણ આહાર, દવાઓ, શૈક્ષણિક સાધનો અને રજિસ્ટર રેકર્ડ, નિયમિત મળી રહે તે માટે વ્યવસ્થા કરશે અને આવી વસ્તુઓ ઓછી હોય તો બાળ વિકાસ અધિકારીશ્રી (સી.ડી.પી.ઓ.) ને જાણ કરશે.

૫-બાળ વિકાસ અધિકારી (સી.ડી.પી.ઓ) ની ફરજો

સંકલિત બાળ વિકાસ યોજનાની અમલવારીમાં સી.ડી.પી.ઓ.ની મુખ્ય ભુમિકા છે. ક્ષેત્રિય કક્ષાઓ બાળ વિકાસની સેવાઓના વ્યવસ્થાપન અને અમલીકરણની જવાબદારી તેમની છે.

બાળ વિકાસ અધિકારીશ્રી નીચે મુજબની ફરજો નીભાવશે :-

(૧) ઘટક કક્ષાએ આઈ.સી.ડી.એસ. કાર્યક્ષમમાં મુખ્ય અમલીકરણ અધિકારી તરીકે કામ કરશે.

(૨) આંગણવાડીઓ ચલાવવા માટેના ખર્ચનું આયોજન કરશે.

(૩) પોતાના કાર્યક્ષેત્રમાં કામ કરતાં સુપરવાઈઝરો તેમજ આંગણવાડી કાર્યકરોની મિટિંગ બોલાવવી. આંગણવાડીઓની મુલાકાત લેવી, કામગીરીની ચકાસણી કરવી અને માર્ગદર્શન આપવું.

(૪) પોતાના ઘટકમાં યોજનાના સફળ અમલીકરણ માટે જરૂરી સર્વે કરાવી પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરશે.

(૫) ઘટક કક્ષાએ અને આંગણવાડી કક્ષાએ નિભાવવાના તથા રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવે તેની ખાતરી કરશે અને સમયાંતરે તેની ચકાસણી કરશે.

(૬) યોજના માટે જરૂરી ચીજવસ્તુઓ અને પુરવઠાની ખરીદી, હેરફેર, સંગ્રહ અને વહેચણીને લગતી વ્યવસ્થા કરશે અને આ માટે જિલ્લા તથા રાજયકક્ષાના અધિકારીઓ સાથે સંકલન કરશે.

(૭) આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ માટે આપવમાં આવતી તમામ સાધન સામગ્રીના હિસાબનો વ્યવસ્થિત રીતે રખાય અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોશે.

(૮) આઈ.સી.ડી.એસ. પ્રોજેકટની સંકલન સમિતિના કન્વીનર તરીકેની કામગીરી કરશે.

(૯) ઘટક કક્ષાની ટીમના ભાગ તરીકે અન્ય અધિકારીઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પંચાયતો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલનમાં રહી કામગીરી કરશે.

(૧૦) બાળ વિકાસના કાર્યક્રમ માટે જરૂરી ખર્ચ કરશે અને આ માટે ઉપાડ અધિકારી તરીકે કામ કરશે.

(૧૧) આ યોજનાના અમલી કરણમાં તેમજ ખાદ્ય સામગ્રી મકાન માટેની સાધન સામગ્રી વગેરેમાં સ્થાનિક લોકો સહયોગ આપે તે માટેના પ્રયત્નો કરશે.

(૧૨) ગ્રામ કક્ષાની સંકલન સમિતિઓના આયોજનમાં અને મહિલા મંડળો અને યુવક મંડળોના સંકલન માટે આંગણવાડી કાર્યકરોને મદદ કરશે.

(૧૩) પોષણ અને આરોગ્યને લગતા નિદર્શનો અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરશે.

(૧૪) યોજનાના અહેવાલો નિયમિત સમયે જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ મોકલાય તે જોશે.

(૧૫) આંગણવાડી કાર્યકરોની નિમણુંક અંગે જરૂરી કાર્યવાહી કરશે અને આંગણવાડી કાર્યકરો અને સુપરવાઈઝરોને જરૂરી તાલીમ માટે મોકલવાની વ્યવસ્થા કરશે.

(૧૬) ફિલ્ડ વિઝીટ માટેના ટુર પ્રોગ્રામનું આયોજન કરશે અને માસિક ટુર પ્રોગ્રામ ઉપલા અધિકારીશ્રીઓને મોકલશે. સરકારશ્રીની વખતો વખતની સુચના મુજબ બાળ વિકાસ અધિકારીશ્રીએ નીચે મુજબની વધારાની કામગીરી કરવાની રહેશે.

(૧) આંગણવાડીના પોતાના મકાન માટેની જગ્યા શોધવી.

(૨) સરકારની અન્ય યોજનાઓમાંથી આ માટે અનુદાન મેળવવું.

(૩) નિર્ધુમ ચુલા, હેન્ડ પમ્પને લગતી કામગીરી.

(૪) સાક્ષરતાની કામગીરી.

(૫) બચત જુથોને લગતી કામગીરી.

(૬) પોષણ અને આરોગ્ય અંગેના શિક્ષણને લગતી કામગીરી.

(૭) પ્રસુતિ માટેની કિટસ.

(૮) વિટામિન-એ તથા અન્ય પોષક તત્વોની સામગ્રી પુરી પાડવો.

(૯) બાળ વિકાસ સમિતિને માર્ગદર્શન આપવું.

(૧૦) કિશોરીઓને માર્ગદર્શન આપવાની કામગીરી કરશે.

૬-મહિલાઓ આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધીઓની ભુમિકા

મહિલા આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધિઓની ભુમિકા ગરીબી, નિરક્ષરતા, પછાતપણુ અને અંધશ્રધ્ધાઓના કારણે નાના બાળકો અને માતાઓનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાય છે. આ સમસ્યાના ઉપાય માટે સંકલિત બાળ વિકાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના ખુબ જ મહત્વની હોવા છતાં આ યોજનાની જાણકારી અને જાગ્રતિ સામાન્ય પ્રજાજનોમાં ખુબ જ ઓછી જોવા મળે છે. આ મહત્વકાંક્ષી કાર્યક્રમને માત્ર બાળકોને નાસ્તાના કાર્યક્રમના રૂપમાં જ જોવામાં આવે છે.

ચુંટાયેલા લોક પ્રતિનિધિઓની અને ખાસ કરીને મહિલા આગેવાનોની આ કાર્યક્રમમાં ખુબ મહત્વની ભુમિકા છે. તેઓ પોતાના વિસ્તારમાં આવેલ આંગણવાડીઓની નિયમિત તેમજ ઓચિંતી મુલાકાત લઈ આ યોજનાની કામગીરી બરાબર થાય છે કે નહી તેની દેખરેખ રાખે તે અત્યંત જરૂરી છે. આ માટે તેઓ નીચે મુદ્રાઓ ઉપર ધ્યાન રાખે તો યોજનાનું અમલીકરણ ખુબ સારી રીતે થઈ શકે તેમ છે.

(૧) આ યોજનાનો મુખ્ય આશય શું છે તે પોતે બરાબર સમજે અને અન્ય વ્યકિતઓને સમજાવે.

(૨) સગર્ભો માતાઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને તેમના કુટુંબીજનોની મુલાકાત લઈ તેમના માટે આ યોજનામાં શું જોગવાઈ કરવામાં આવી છે તેની જાણકારી આપવી અને વધુને વધુ આવી મહિલાઓ લાભ લેતી થાય તે જોવું.

(૩) આંગણવાડી કેન્દ્રમાં અપાતા ખોરાક તથા અન્ય સામગ્રી નિયમ મુજબ અપાય છે કે નહી તે ચકાસવું. આ પુસ્તકમાં આંગણવાડી કાર્યકરોની ફરજો આપેલ છે તે પ્રમાણે આંગણવાડી કાર્યકરો કામ કરે તે માટે તેમને જરૂરી માર્ગદર્શન તથા સહયોગ આપવો. જો કોઈ ખામી જણાય તો આઈ.સી.ડી.એસ.ના સુપરવાઈઝર (મુખ્ય સેવિકા) અથવા બાળ વિકાસ અધિકારીનું ધ્યાન દોરવું.

(૪) આંગણવાડી કેન્દ્રમાં ૬ વર્ષ સુધીના બાળકો પુરેપુરી હાજરી આપે અને યોજનાનો લાભ લે તે માટે જાગ્રતિ ઉભી કરવાનું કામ કરવું.

(૫) આંગણવાડીના પોતાના મકાનો બનાવવા તથા અન્ય સાધન સામગ્રી મેળવવા સરકારશ્રીની જુદી જુદી યોજનાઓમાં ગ્રાન્ટ મળે તે માટેના પ્રયત્નો કરવા.

૮-બાલિકા સમૃદ્ધિ યોજના

બાલિકાઓ પ્રત્યે સમાજમાં ઉદભવતો અણગમો દુર કરવાના આશયથી તથા બાલિકાઓની વિકાસ યોગ્ય રીતે થાય તે માટે ભારત સરકારશ્રીએ તા.૧૫-૮-૧૯૯૭ થી બાલિકા સમ્રધ્ધિ યોજના અમલમાં મુકી છે. આ યોજનામાં તા.૧૫-૮-૧૯૯૭ પછી જન્મેલી વધુમાં વધુ બે બાલિકાઓ માટે રૂા.૫૦૦/- ની સહાય તેની માતાને મળવા પાત્ર થાય છે. આ રકમ રોકડમાં આપવામાં આવતી હતી. તેથી બાલિકાઓના વિકાસ માટે યોગ્ય રીતે વપરાતી ન હતી. તેથી સરકારે આ રકમ રોકડેથી આપવાને બદલે બાલિકા અને નજીકની શાળાના આચાર્યે / શિક્ષકના સંયુકત નામે બેન્કમાં અથવા પોસ્ટમાં જમા કરાવવાનું નકકી કરેલ છે. બાલિકા સારૂં શિક્ષણ અને જરૂરી પુસ્તકો તથા કપડા મેળવી શકે તે હેતુથી બાલિકા પહેલા ધોરણમાં શાળામાં દાખલ થાય ત્યારથી શરૂ કરી ધોરણ ૧૦ સુધી દર વર્ષે નીચે મુજબની રકમ રોકડમાં મેળવવા પાત્ર થાય છે.

ભારતના તમામ જિલ્લાઓમાં ગ્રામિણ અને શહેરી બંને વિસ્તારોને આ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સુવર્ણે જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ નિર્દિષ્ટ ધોરણો મુજબ ગરીબી રેખા હેઠળ નોંધાયેલા કુટુંબોને લાયાંક જુથ તરીકે આવરી લેવાય છે. ભારત સરકારની સુચનાઓ મુજબ કુટુંબ મોજણી હાથ ધરવામાં આવી હોય અને ગરીબી રેખા હેઠળના કુટુંબોની સુચિ તૈયાર કરવામાં આવી હોય તેવા શહેરી વિસ્તારોમાં આવી

ધોરણ	વાર્ષિક મળવાપાત્ર રકમ
૧	૩૦૦
૨	૩૦૦
૩	૩૦૦
૪	૫૦૦
૫	૬૦૦
૬	૭૦૦
૭	૭૦૦
૮	૮૦૦
૯	૧૦૦૦
૧૦	૧૦૦૦

સુચિનો ઉપયોગ કરી શકાશે. આવી સુચિઓ તૈયાર ન થઈ હોય ત્યાં જાહેર વિતરણ યોજના હેઠળ આવરી લીધેલા કુટુંબોની યાદીનો ઉપયોગ થઈ શકે છે.

આવી કોઈ સુચિ પ્રાપ્ય ન હોય તયાં માન્ય અને અમાન્ય બંને પ્રકારની શહેરી ઝુંપડપટ્ટીમાં રહેતા કુટુંબોને આવરી લેવામાં આવે છે.

છોકરી અઢારમાં વર્ષે પહોંચતા પહેલા લગ્ન કરી લે તો શિષ્યવૃતિની રકમ તથા તેના પર વ્યાજની રકમ મળવાપાત્ર રહેતી નથી. બાલિકા અઢાર વર્ષેે પહોંચે તે પહેલા મૃત્યુ પામે તેવા પ્રસંગે તેણીના ખાતામાં જમા થયેલી રકમ બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ અન્ય લાયક લાભાથીેઓની ચુકવણી માટે અમલીકરણ એજન્સી ઉપાડી લેશે.

આ યોજનાનો લાભ મેળવવા ગ્રામ સેવક / આઈ.સી.ડી.એસ. ની મુખ્ય સેવિકાનો સંપકૅ કરવો. બાલિકાના જન્મની નોંધણીનો દાખલોં, તે કુટુંબ ગરીબી રેખા હેઠળ જીવતુ હોવાનો પુરાવો અને રહેઠાણનો પુરાવો (રેશનકાડૅ) અરજીપત્રક સાથે જોડવાના રહેશે.

આ યોજના દ્વારા બાલિકાના જન્મ વખતે બાલિકા તથા તેની માતા પ્રત્યેના નકારાત્મક કૌટુંબિક તથા સામાજિક વલણોમાં પરિવર્તેન લાવવાનો, કન્યા શિક્ષણ ને મહત્વ આપવાનો અને પુખ્ત વયે છોકરીના લગ્ન થાય એ જોવાનો ઉદેશ સિધ્ધ કરી શકાય છે.

સ્ત્રી પુરૂષના જન્મનું પ્રમાણ :-

સમાજમાં સ્ત્રી અને પુરૂષોની સંખ્યાનું પ્રમાણ સમાન હોવું જોઈએ પરંતુ સમાજમાં પુત્ર જન્મની માનસિકતાને કારણે ઉતરોતર સ્ત્રીના જન્મની સંખ્યાનું પ્રમાણ ઘટતું જાય છે.

સ્ત્રી સાક્ષરતા :-

છોકરીઓને ભણાવવા તરફ દુર્લેક્ષ સેવાય છે. સમાજના જાગ્રત નાગરીકોએ ખાસ કરીને મહીલા આગેવાનોએ, ચુંટાએલા પ્રતિનિધિઓએ અને સ્વૈછિક સંસ્થાઓ આ માટે ઝુંબેશના સ્વરૂપમાં સક્રિય થવાની જરૂર છે.

૯-કિશોરી શક્તિ યોજના

કિશોરાવસ્થા એ સ્ત્રીના જીવનનો મહત્વનો તબકકો છે. આ તબકકામાં એ બાલ્યાવસ્થા છોડી અને પુખ્તાવસ્થા તરફ વિકાસ કરે છે. આ અવસ્થામાં તેનામાં બૌધ્ધિક, માનસિક અને મનોવૈજ્ઞાનિક ફેરફારો થાય છે. જીવન વિકાસની આ યાત્રામાં કિશોરી તેના ભવિષ્યના જીવન માટે સમજદાર બને એ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ યોજનાનો અમલ કરવામાં આવે છે.

યોજનાનો હેતુ :-

(૧) ૧૧ થી ૧૮ વર્ષેની બાળાઓમાં આરોગ્ય અને પોષણનું સ્તર સુધારવું.

(૨) અક્ષરજ્ઞાન અને આંકડાકીય કૌશલ્ય વધે તેવુ શિક્ષણ આપવુ સામાજીક જ્ઞાન વધે અને ભવિષ્યના જીવનમાં તેઓ સ્વ નિર્ણય કરી શકે તેવા તૈયાર થાય તેનું આયોયજન કરવું.

(૩) ભવિષ્યમાં આવક મેળવી શકે તેવા ગૃહ હુન્નરો શીખે, ઘરગથ્થુ કામ કાજમાં ધવારે નિપુણ બને.

(૪) આરોગ્ય, સ્વચ્છતા, પોષણ, કુટુંબ કલ્યાણ બાળ સંભાળ, ગૃહ સંચાલનની અને ૧૮ વર્ષે પુરા કર્યો પછી લગ્ન કરવા જોઈએ એ તમામ બાબતોમાં જાગ્રત થાય.

યોજના નંબર-૧ બાલિકા થી બાલિકા સંપર્ક (૧૧ થી ૧૫ વર્ષેનું વય જુથ)

યોજના નંબર-૨ બાલિકા મંડળો (૧૧ થી ૧૮ વર્ષેનું વય જુથ)

યોજનના નંબર-૧ :-

આ યોજના અનુસાર કિશોરવયની બાળાઓની સંપૂર્ણે વિકાસ થાય, પોષણ આરોગ્ય શિક્ષણ તથા નેત્રત્વની તાલીમ દ્વારા તેમનાંમાં રહેલ સુષુપ્ત શક્તિઓ ખીલવવામાં આવે તેવો અભિગમ છે. આ યોજના મુજબ દરેક આંગણવાડી દીઠ ૩ કિશોરીઓને પસંદ કરીને ૩ દિવસની આંગણવાડી કેન્દ્ર પર તથા મુખ્ય મથક પર તાલીમ આપવમાં આવે છે. તેમજ છ માસ સુધી દર મહિને એક દિવસ માટે મુખ્ય સેવિકાના મુખ્ય મથકે તાલીમ આપવામાં આવે છે. જેથી આંગણવાડીઓમાં કિશોરીઓને પ્રત્યક્ષ અનુભવ મળે તથા દર અઠવાડીયે બે દિવસ આંગણવાડીઓની પ્રવૃતિમાં ભાગ લઈ શકે તેમજ દરરોજ પુરક પોષણનો લાભ પણ મેળવી શકે. આ તાલીમ દરમ્યાન પ્રવાસ ભથ્થું આપવાની જોગવાઈ છે.

યોજનના નંબર-૨ :-

આ યોજના હેઠળ બાલિકા મંડળની રચના કરવામાં આવે છે. જેમાં દરેક બાલિકા મંડળમાં ૨૦ કિશોરીઓને પસંદ કરવામાં આવે છે. આ કિશોરીઓને ત્રણ માસની તાલીમ આપવાની રહે છે. આ યોજનાનો હેતુ આંગણવાડી કાર્યકર મારફત બાલિકા મંડળની કિશોરીઓને સામાન્ય શિક્ષણ તથા અક્ષરજ્ઞાન આપવાનો તેમજ ગ્રહ કૌશલ્ય સંચાલનની કક્ષા ઉંચી લઈ જવા માટેની તાલીમ આપવાનો છે. વળી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા ભવિષ્યમાં તે આવક કરી શકે તેવી વ્યવસ્થા કરવાનો પણ આશય છે. આ યોજનામાં તાલીમ દરમ્યાન દ્વારા ભથ્થું આપવાની કોઈ જોગવાઈ નથી. જેના કારણે બાલિકા મંડળમાં લાભ લેનાર કિશોરીઓની પુરેપુરી સંખ્યા મેળવવામાં મુશ્કેલી પડે છે. જયાં નજીકની ૧૦ આંગણવાડી કેન્દ્રની બાલિકાઓ આવ-જા કરી શકે તેવુ સ્થળ પસંદ કરવું. દરેક આંગણવાડીમાંથી બે - બે બાલિકાઓને પસંદ કરતાં બાલિકા મંડળમાં ૨૦ બાલિકાઓને સતત છ માસ સુધી મોકલવાનું મુશ્કેલ હોય તો આ માટે જે ગામમાં સક્રિય મહિલા મંડળ કામગીરી કરતાં હોય ત્યાં પ્રથમ પસંદગી કરવાની રહેશે. આવી પસંદ કરેલ આંગણવાડી કેન્દ્ર વિસ્તારની બે બાલિકાઓને પસંદ કરવાની છે. આવી ૨૦ બાલિકાઓની છ-છ માસની બે બેચ આમ વર્ષેમાં ૪૦ બાલીકાઓને આ યોજનામાં સામેલ કરાશે. તાલીમ દરમ્યાન અંગત સ્વચ્છતા, વાતાવરણીય સ્વચ્છતા, પોષણ, ગ્રહ સંભાળ, બાળ સંભાળ, પ્રાથમિક સારવાર, રોગ પ્રતિકારક રસીઓ, કૌટુંબિક જીવન, બાળ વિકાસ, સ્ત્રીઓના અધિકારો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્રામ કક્ષાએ ઉપયોગી એવી ખેત આધારિત ગ્રહઉદ્યોગની વ્યવસાયિક તાલીમ આપવામાં આવશે. જેથી ભવિષ્યમાં આવી બાલિકાઓ તાલીમ મેળવ્યા બાદ તેમના કુટુંબમાં વધારાની આવક ઉભી કરી શકે.

બાળકોના માનવ અધિકારો

યુનાઈટેડ નેશન્સે ૧૯૪૬ માં બાળકોના હકકોને માન્ય કરેલા, તેજ વર્ષેમાં યુનાઈટેડ નેશન્સ ચીલ્ડ્રન ફંડસની સામાન્ય સભાએ આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ ૧૯૭૯ જાહેર કરેલ હતું.

બાળકોના માનવ અધિકારનાં કારણો :-

(૧) બાળકોને કોઈ પણ સ્વરૂપના ભેદભાવ સામે રક્ષણ આપવું.

(૨) બાળકોનાં હિતોને પ્રાથમિકતા આપવી.

(૩) બાળકોના વિચારોને અસરકારક બનાવવા.

(૪) બાળકોનો મહત્તમ વિકાસ થાય તે રીતે જીવન જીવવાનો હેતુ.

(૫) નામ અને રાષ્ટ્રીયતા મેળવવાનો હકક.

(૬) બાળકને પોતાની ઓળખ ઉભી કરવાનો હકક.

(૭) કુટુંબ વાતાવરણનો હકક :-

- કોઈ પણ બાળકને તેના વાલી કે કુટુંબથી અલગ ન કરે તેવા હકક છે.
- મા-બાપ કે કાયદેસરના વારસદારની બાળક પ્રત્યેની પ્રાથમિક જવાબદારી છે. તે મુજબ બાળકોનો વિકાસ અને ઉન્નતિ થાય તે મુજબ પ્રયત્નો કરવા જોઈએ.
- બાળકને કુટુંબના વાતાવરણમાં રહેવાનો હકક છે. જો હંગામી સમય માટે તેને અલગ પાડવામાં આવે તો તેને ખાસ રક્ષણ પુરું પાડવું જોઈએ.
- બાળકના હિતમાં જ તેનુ દત્તક વિધાન થવું જોઈએ.

  શારીરિક કે માનસિક ત્રાસ સામે રક્ષણ મેળવવાની દરેક બાળકને હકક છે.

(૮) તંદુરસ્તીની હકક :-

- બાળકોના વિકાસ અને અસ્તિત્વની શકય હોય તેટલી હદે મહત્તમ રીતે ખાતરી અપાશે.
- શારીરિક કે માનસિક અસમર્થે બાળકોને સારી અને આનંદસભર રીતે જીવન જીવવાનો હકક છે.
- તંદુરસ્તીનાં શ્રેષ્ઠત્તમ ધોરણો પ્રાપ્ત કરવાનો હકક રહેશે.
- દરેક બાળકને સમાજમાંથી સામાજિક સલામતીનો લાભ મેળવવાની હકક છે.

- કામ કરતાં મા-બાપનાં બાળકોને તેમની સારસંભાળ લેવાનો હકક છે.

બાળકનો સામાજિક, નૈતિક, માનસિક, ભૌતિક રીતે વિકાસ થાય તેવું જીવનધોરણ જીવવાનો હકક છે.

(૯) બાળકોનો શિક્ષણ મેળવવાનો હકક :-

- પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત પુરું પાડવાની રાજયની ફરજ છે.
- દરેક બાળકને સાંસ્કતિક જાણકારી મેળવવાનો હકક.
- દેશમાં કટોકટી વખતે ૧૫ વર્ષે સુધીનાં બાળકોને લશ્કરમાં ભરવી કરાશે નહીં.

બાળકોની સમજ, ઉંમરને ધ્યાનમાં લઈ ન્યાયના વહીવટના સંબંધ બાળકોના હકક રહેશે અને તે માટે બાળ ન્યાયતંત્ર (જુવેનાઈલ જસ્ટિસ)ની પ્રક્રિયા કરવાની રહેશે.

(૧૦) શોષણ સામે હકક : બાળકોને નીચેના સ્વરૂપમાં શોષણ સામેના હકકો મળશે.

- બાળ કામદાર કરી કે થતા શોષણ સામે રક્ષણ.
- માદક પદાર્થો સામે રક્ષણ મેળવવાનો બાળકોને હકક છે.
- જાતીય શોષણ સામે સામેનો હકક છે.
- અપનયન સામે રક્ષણ મળે છે.
- અન્ય કોઈ પણ સ્વરૂપમાં બાળકના થતા શોષણ સામે હકક રહેશે.

૧. આપણા દેશમાં માનવશક્તિ વિકસાવવા.

૨. બાળકના સર્વાંગી વિકાસ જેવા કે શારીરિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક વિકાસનો મજબુત પાયો નાખવા.

૩. બાળમૃત્યુ, શારીરિક ખોડખાપણવાળા, કુપોષણ, શાળામાં ઓછી હાજરી તથા માનસિક વિકાસમાં અવરોધ પામેલા બાળકોની સંખ્યામાં ઘટાડો કરવા અને

૪. સમાજના - ખાસ કરીને ગ્રામ્ય પ્રજાને બાળકના પોષક આરોગ્ય અને સર્વાંગી વિકાસમાં સક્રીય રીતે રસ લેતા કરવા અને તે બાબતમાં પગભર બનાવવા.

ગ્રામ પ્રજાનો ફાળો

સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.)ની સફળતા માટે ગ્રામ્ય પ્રજાનો ફાળો ખાસ જરૂરી છે.

સફળતા માટે ગ્રામ્ય પ્રજાનો ફાળો એક ખાસ મુદ્દો :-

- ગ્રામ્યપ્રજાને કાર્યક્રમ વિષે પુરતી સમજ આપવી જોઈએ જેથી આ કાર્યક્રમ તેમનો પોતાનો કાર્યક્રમ છે તેવી ભાવના થાય.
- ગ્રામ્યપ્રજામાં એવી એક ભાવના થાય કે આ કાર્યક્રમ તેમની એક અગત્યની જરૂરિયાત છે.
- સ્થાનિક ગ્રામ્ય આગેવાનોની એક સમિતિ રચી અને તેના સભ્યોને કાર્યક્રમની પ્રગતિના દરેક પગથિયે સામેલ કરવા જોઈએ.
- ગ્રામપ્રજામાંથી આપવામાં આવેલ સુચનોને પુરતું મહત્વ આપવું જોઈએ.
- આંગણવાડીમાં બાળકો માટે પુરક આહાર બનાવામાં ગ્રામ્ય પ્રજાની મદદ લેવી જોઈએ, અને

ગ્રામ્ય પ્રજાને સ્થાનિક પ્રાપ્ય ખાદ્યસામગ્રી અને બળતણના સ્વરૂપમાં ફાળો આપવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

હેતુઓ

૧. ૦-૬ વર્ષના બાળકોનાં આરોગ્ય અને પોષણ દરજ્જામાં સુધારવા;

૨. બાળકના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસનો ધ્યેય નાખવા;



૩. બાળકોમાં મરણનું પ્રમાણ, બાળમૃત્યુ કુપોષણ તેમજ શાળામાંથી ઉઠી જતાં બાળકોની સંખ્યા ઘટાડવા;

૪. માતાઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ આપવું જેથી તેઓ પોતાનાં બાળકોની યોગ્ય સંભાળ લઇ શકે અને તેમનો પોષણ અને આરોગ્ય દરજ્જો સુધારી શકે, અને

૫. બાળકના વિકાસની યોજનાઓ અને અમલીકરણ માટે કાર્ય કરતાં, લાગતાં વળગતાં જુદા જુદા ખાતાઓ અને કાર્યકરો વચ્ચે સફળ સંકલન કરવું જેથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય.



ઘટકો/સુવિધાઓ

૧.		પૂરક આહાર
૨.		આરોગ્ય તપાસ
૩.		પ્રાથમિક આરોગ્ય સેવા/સંદર્ભ સેવા
૪.		રોગપ્રતિબંધક રસીઓ
૫.		પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ
૬.		અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ

પરિશિષ્ટ - ૧૧

યોજનાના વિસ્તારના આંગણવાડી મુજબ

આંગણવાડી






વય	સંખ્યા			
૦-૧૨ મહિના	૩	૩૦	૨૧	૩૦
૧૩-૩૬ મહિના	૩	૩૦	૪૨	૬૦
૩૭-૭૨ મહિના	૪	૪૦	૫૬	૮૦
કુલ બાળકો	૧૭	૧૭૦	૧૧૯	૧૭૦

લક્ષીત જૂથ

બાળકો : ૦–૬ વર્ષ
સ્ત્રીઓ : ૧૫–૪૫ વર્ષ

યોજનાના વિસ્તારમાં આશરે સંખ્યા :

સ્ત્રીઓ

	 ગ્રામ્ય	 આદિવાસી	 શહેરી
કુલ વસ્તી	૧૦૦૦	૭૦૦	૧૦૦૦
ટકા	સંખ્યા		
સગર્ભા સ્ત્રીઓ	૨.૫ ટકા	૪૦	૪૦
ધાત્રી માતાઓ	૧૬ ૧.૬	૨૮૬૦	૧૧૨ ૧૬૦
કુલ સ્ત્રીઓ	૨૦	૨૦૦	૧૪૦ ૨૦૦






...ળકો




૧. જે બાળકોનું વજન ... કિ.ગ્રા. કરતાં ઓછું હોય;



૨. જે બાળકોની ... ૪ માં આવતું હોય અને બાજુના ... ગણમાં આવતું હોય;

૩. બેઠકા બાળકો;



૪. જે બાળકના વજનમાં ... ણ મહિના સુધી વધારો ન થતો હોય;



૫. જે બાળકને ચામડીના ... રોગ હોય. જેમકે ઇczરમ, ઍસ... અને ક્ષય જેવા મોટા ... હોય;

૬. જે બાળકોના બે અઠવાડિયે ... બાળકોનો વજન ઘટ્યો હોય.



૭. માતા ... ...

જોખમી જૂથો

સગર્ભા સ્ત્રીઓ

૧. જે સ્ત્રીઓ પહેલી અથવા ચોથી અને તેથી વધુ વારની સગર્ભા હોય;

૨. ૩૫ વર્ષથી વધુ અને ૧૮ વર્ષથી નાની ઉંમરની સ્ત્રી જે સગર્ભા બની;

૩. સગર્ભા માતા જેણે ભૂતકાળમાં મૃત બાળકને જન્મ આપ્યો હોય; કસુવાવડ થઈ હોય અથવા બાળકને ઉપરથી લીધું હોય;

૪. સગર્ભા માતાનું વજન ઓછું હોય, તેને લોહી, મોઢામાંથી લોહી અથવા પોંડરા થતા હોય.

૫. સગર્ભા અવસ્થા દરમ્યાન સોજો, દબાણ વધુ અને પગ પર સોજા આવતા હોય. (ટોકસીમીયા).

૬. જે સ્ત્રીમાં પહેલા વંધ્યત્વ હોય અને વંધ્યત્વનો છુટકારો કરાવ્યા પછી તે સગર્ભા બની હોય;

૭. પહેલા ૨-૩ કસુવાવડો થઈ ગઈ હોય અને પછી સગર્ભા બની હોય;

૮. સગર્ભા બન્યા પહેલા સ્ત્રીનું વજન ૩૮ કિ.ગ્રા. કે તેથી ઓછું હોય;

૯. સગર્ભાવસ્થા પહેલા કે સગર્ભાવસ્થાના ૨૦ માં અઠવાડિયામાં સ્ત્રીનું વજન ૪૦ કિ.ગ્રા. હોય,

૧૦. જે સગર્ભા સ્ત્રીની ઉંચાઈ ૧૪૫ સે.મી. (૫ ફૂટ)કે તેથી ઓછી હોય;

૧૧. ગર્ભમાં જોડીયા બાળકો હોવાની શકયતા હોય, અને

૧૨. સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળ નોંધવામાં આવેલ લક્ષિત કુટુંબની સગર્ભા સ્ત્રીઓ.

પોષણ, આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓનો વધુમાં વધુ લાભ જોખમી બાળકોને મળે તે માટે ખાસ પ્રયત્નો કરવા જોઈએ.

કાર્યક્રમના લાભાર્થી હોય તેઓ માટે
ઉપલબ્ધ સેવાઓ

૦-૧૨ મહિના



૧૩-૩૬ મહિના



૩૭-૭૨ મહિના



આંગણવાડી

- પૂરક આહાર
- તબીબી તપાસ
- પ્રાથમિક આરોગ્ય સેવાઓ
- સંદર્ભ સેવાઓ
- રોગ પ્રતિબંધક રસીઓ
- અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ

કાર્યક્રમના લાભાર્થી હોય તેઓ માટે
ઉપલબ્ધ સેવાઓ

સગર્ભા



સ્ત્રીઓ

- પૂરક આહાર
- તપાસ તપાસ
- સંદર્ભ સેવાઓ
- પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ

ધાત્રી



- પૂરક આહાર
- તપાસ તપાસ
- સંદર્ભ સેવાઓ
- પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ

બીજી સ્ત્રીઓ



- સંદર્ભ સેવાઓ
- પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ

પૂરક આહાર

લાભાર્થીઓની પસંદગી માટે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ

બાળકો

લાભાર્થીઓ	દર્શક
 ૧. સખત કુપોષિત ગ્રેડ ૩ અને ૪ (ઉંમર ૦-૬ વર્ષ)	બાળકનું વજન ઊંચાઈ પ્રમાણમાં ઓછું હોવાની નોંધ થાય બાળકના ઉપલા હાથના પરિઘનું માપ લાલ રંગમાં આવે
 ૨. સાધારણ કુપોષિત ગ્રેડ-૨ (ઉંમર ૦-૬ વર્ષ)	બાળકનું વજન ઊંચાઈ પ્રમાણમાં ઓછું અને ઊંચાઈ વજન ઓછું બાળકના ઉપલા હાથના પરિઘનું માપ પીળા રંગમાં આવે.
 ૩. અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે નોંધણી કરેલ (પોષણની દૃષ્ટિએ નબળા હોવા જરૂરી નથી. (ઉંમર ૩-૬ વર્ષ)	જે બાળકો આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ લેતા હોય.
૪. અન્ય જોખમી જૂથો (ઉંમર ૩-૬ વર્ષ)	જુઓ પાના

પૂરક આહાર

લાભાર્થીઓની પસંદગી માટે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ

સ્ત્રીઓ



૧. સગર્ભા

* સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિના
* કેવા કુટુંબોમાંથી પસંદગી કરશો ?

  પોતાની જમીન ન ધરાવતા હોય તેવા ખેતમજૂર

  સાવ ઓછી જમીન ધરાવતા ગરીબ ખેડૂત

  અનુસૂચિત જાતિના કુટુંબો

  અનુસૂચિત આદિવાસી કુટુંબો

* સંકલિત ગ્રામ્ય વિકાસ કેન્દ્રો પસંદ કરાયેલા કુટુંબમાંથી આવતી સ્ત્રી
* અન્ય કોઇપણ કુટુંબમાંથી ધાત્રી માતાઓ (શરૂઆતના ૬ મહિના ૬ માસ)



૨. ધાત્રી

* ધાત્રી અવસ્થાના પ્રથમ ૬ માસ
* કેવા કુટુંબોમાંથી પસંદગી કરશો ?

  પોતાની જમીન ન હોય તેવા ખેત મજૂર

  સાવ ઓછી જમીન ધરાવતાં ગરીબ ખેડૂતો

  અનુસૂચિત જાતિ કુટુંબો

  અનુસૂચિત આદિવાસી કુટુંબો

* સંકલિત ગ્રામ્ય વિકાસ કેન્દ્રો પસંદગી પામેલ કુટુંબમાંથી આવતી માતા.

આંગણવાડી

જગ્યા



ગામમાં આંગણવાડી બાંધવી જરૂરી મકાન સ્થાનિક પ્રજાએ
જે બની શકે તેમ ભાગ લીધા વિના આપવું જોઇએ.

શાળા પંચાયત ઘર બીજુ મકાન







જે સ્થાનિક લોકો ભાડું લીધા વિના મકાન ન આપી શકે તો
દર મહિને રૂા. ૨૫ ના ભાડાથી મકાન લેવું જોઇએ.

આંગણવાડીનું મકાન બંધાવી શકાય !

સરકાર પાસેથી રૂા.૧૫૦૦ પાંચ વર્ષના ભાડાના લઇ,
સ્થાનિક પ્રજા મકાન માટે પોતાનો ફાળો આપે.
સ્થાનિક લોકો તેના બાંધકામમાં શારીરિક રીતે મદદ કરે
બાંધકામ સ્થાનિક પ્રાપ્ત ચીજવસ્તુઓમાંથી બની શકે.

ગામની પ્રાથમિક શાળાના મકાનની પાસે જ બંધાવેલ
આંગણવાડીનું મકાન.


આંગણવાડી

જરૂરી સાધનો

(કિંમત એક આંગણવાડી માટે આશરે ૬૦૦૦ રૂપિયા)

સામાન્ય ઉપયોગ માટે



દરી સાદડીઓ અથવા
ાતરંજીઓ-આશરે.


સાચવણી માટે
એક છાજલી-એક
બે ગોદા


મેજ (લાકડાનુ)
આંગણવાડી
માટે



પ્રાથમિક સારવારને
ી સાધન સામગ્રી


રાષ્ટ્ર ધ્વજ


પીવાનું પાણી રાખવા માટે
(સ્થાનિક રીતે પ્રાપ્ય ઢાંકણવાળુ
માટલું અથવા વાસણ



ફાઇલ, પત્રકો
અને અહેવાલો



આરોગ્યની
નોંધણી


ચિત્રો અને રંગ
કામ કરવા માટે
માટીની દિવાલ

રસોડાના સાધનો






બાલ્ટા, રકાબીઓ
અને ચમચાઓ



રાંધવા માટે બે કે ત્રણ
વાસણો (ઢાંકણવાળા)


ટિફિનવાળા ટ્રે
કેન્ટીનની સાથે લેવા)


બાથરૂમ માટે સાધનો



બે ડોલ અથવા
વાસણ-પાણી રાખવા માટે


એક કે બે બાલ્ટા


એક કે બે સાવરણીઓ



ચાર નેપકીન


જંતુનાશક દવા



સાવરણો, બરશ અને સફાઇ
માટેના બીજા જરૂરી સાધનો

આંગણવાડીના બાળકો માટે જુદાં બાથરૂમ તથા સંડાસની સગવડ હોવી જોઇએ

રમતના સાધનો


બિલ્ડિંગ બ્લોકસ
લાકડાના જુદા જુદા કદનાં)


બાળક ગણી શકે તેવાં
ગણક્રાવાળો ફ્રેમો (ફ્રેમ્સ)


રંગો અને પીંછીઓ
ાસ રંગીન ચાક.

અનૌપચારિક પૂર્વ-પ્રાથમિક શિક્ષણ

મહત્વના અનુભવો

જાણીતા ખોરાકો વચ્ચેનો તફાવત પારખવો અને તેને ઓળખવા

ખારું, ગળ્યું, ખાટું, કડવું, ખારું, તીખું,




સુગંધ, દુર્ગંધ, ટામેટા, નારંગી, લીંબુ



વિચાર શક્તિ કેળવવી

- બે વસ્તુઓ વચ્ચે સમાનતા
- ચિત્ર અથવા કોઈ જગ્યા માટે પોતાના વિચારો પ્રદર્શીત કરવા અર્થે નિવેદન આપવું.
- "હવે શું થશે" તે વિષે અનુમાન બાંધવું.
- વાર્તા માટે શીર્ષક આપવું.




જુદી જુદી ક્રિયાઓને જાણવી. ઓળખવી અને તે ક્રિયાનુ અનુકરણ કરવુ.


પાછળ—આગળ



ઉપર—નીચે




અંદર—બહાર



ઉભા રહેવુ—જવું



દોડવુ—ચાલવુ



દોરડા—કૂદવા.



તબીબી તપાસ

સગર્ભા સ્ત્રીઓ

લાભાર્થીઓ: સ્ત્રીઓ/સગર્ભા સ્ત્રીઓ

સામગ્રી: આંગણવાડી કાર્યકર, સ્ત્રી આરોગ્ય [illegible],
સ્ત્રી આરોગ્ય નિષ્ણાંત (એલ.એમ. [illegible]).

સગર્ભાવસ્થા: સગર્ભાવસ્થા દરમ્યાન [illegible]

* [illegible]
  જોઇએ.



* સગર્ભાવસ્થામાં [illegible] જરૂરમાં આવે [illegible]
  તબીબી તપાસ વધુ વખત થવી જોઇએ.
* સગર્ભાવસ્થામાં સ્ત્રીને વધુ ખોરાકની જરૂર છે,
  સમજાવવી જોઇએ;
* માતાને પોતાના બાળકને ધાવણ આપવા પ્રોત્સાહન
  કરવી જોઇએ.
* માતાને ધાવણના ફાયદા વિષે સમજ આપવી જોઇએ.
  માતાનું ધાવણ બાળક માટે કુદરતી [illegible] છે.
  માતાનું ધાવણ પીધું હોય તે બાળકને બીજા
  જુદા રોગોથી બચાવે છે,
  માતાનું ધાવણ [illegible]
  માતાનું ધાવણ બાળકનું [illegible]
  માતાનું ધાવણ બગડતું નથી.

* માતાને પહેલા દિવસે પોતાની બાજીમાંથી આવતા પીળા
  ચીકણા ધાવણ દૂધ કોલેસ્ટ્રોમના ફાયદાઓ વિષે
  સમજ આપો:
  આ પીળું દૂધ બાળક માટે ખૂબ જ સારું છે.
  માતાનું ધાવણ પીધાના કારણે બાળકને ચેપી રોગ થવા કે
  ઝાડા થતા નથી.

પ્રસુતા સ્ત્રી

* બાળકના જન્મબાદ ૧૦ દિવસમાં એક વાર માતાની
  આરોગ્યની તપાસથવી જરૂરી છે.



* છેલ્લી આરોગ્ય તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર થવી
  જોઇએ. અને તે દરમ્યાન નીચેના મુદ્દાઓ પર ધ્યાન
  આપવુ જોઇએ.
  કુટુંબ નિયોજનને લગતી રીતો પર ધ્યાન આપવું જોઇએ.
  ધાવણની અગત્યતા;
  તંદરસ્ત બાળકની સંભાળ અને રોગપ્રતિબંધક રસીઓ
  આપવાની અગત્યતા.


પ્રાથમિક આરોગ્ય સંભાળ/સંદર્ભ સેવાઓ
રક્ષણાત્મક

વિટામીન - એ

લાભાર્થીઓ : બાળકો ૦-૬ વર્ષ

સામગ્રીરી : આંગણવાડી કાર્યકર/ સ્ત્રી આરોગ્ય કાર્યકર (એ.એન.એમ.)

ડોઝ : ૧ વાની ચમચી - દર ૬ મહિને
(૨૦૦,૦૦૦ યુ.નીટ)



વિટામિન 'એ' ની ખામીથી આંખોમાં સફેદના સફેદભાગમાં ત્રિકોણ આકાર સફેદ ડાઘ પડે છે જેના કારણે અંધાપો આવે છે.



પૂરક આહાર

પૂરક આહાર કાર્યક્રમમાં તંદુરસ્ત બાળકોને ખોરાક આપવો બંધ કરવો



આંગણવાડીમાં પૂરક આહાર મેળવતા બાળકનું

વજન તેની ઉંમરના તંદુરસ્ત બાળક જેટલું થઈ જાય

ત્યારે બાળકના માબાપને સમજાવવા જોઈએ કે તેમના

બાળકને આંગણવાડીમાં આપવામાં આવતા પૂરક

આહારની જરૂર નથી. આંગણવાડીના લાભાર્થી

બાળકોના માતા-પિતાને એવું શિક્ષણ આપવું જોઈએ કે

જેથી આંગણવાડીમાં પૂરક આહારની જરૂર ન હોય તેવા


તંદુરસ્ત બાળકો તેનો પૂરક આહાર લેવા ન જોડાય.

અલબત્ત પૂરક આહારની જરૂર જણાય તેવા બાળકોને

પોષણ આરોગ્ય અને શિક્ષણ તો આપવાં જોઈએ.

પૂરક આહાર

આંગણવાડી પર આપવામાં આવતા પૂરક આહારનું પ્રમાણ

લાભાર્થીઓ	પોષક તત્વો	
	શક્તિ (કિ. કેલરી)	પ્રોટીન (ગ્રામ)
બાળકો		
 ૧. સખ્ત કુપોષિત ગ્રેડ ૩ અને ૪ (ઉંમર ૦-૬ વર્ષ)	...	...
 ૨. સાધારણ કુપોષિત ગ્રેડ-૨ (ઉંમર ૦-૬ વર્ષ)	૩૦૦ થી ૪૦૦	૧૨ થી ૧૫
 ૩. અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે નોંધવામાં આવેલ પોષણની દૃષ્ટિએ નબળા હોવા જરૂરી નથી. (ઉંમર ૩-૬ વર્ષ)	૩૦૦ થી ૪૦૦	૧૨ થી ૧૫
૪. અન્ય નોંધણી જૂથ (ઉંમર (૦-૬ વર્ષ)	૩૦૦	૧૦
સ્ત્રીઓ		
 ૧. સગર્ભા	૫૦૦	૨૦
 ૨. ધાત્રી	૫૦૦	૨૦

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૫-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક :
પીએડી- ૧૦- ૨૦૦૭ - ૩૩૫૩૬૪- આરટીઆઈસેલનું બિડાણ)

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએકટીવ ડીસ્કલોઝર (P.A.D.) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા. ૧-૫-૨૦૧૭ ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તારીખ :-

જાહેર માહિતી અધિકારી અને
જુ. કલાર્ક
આઈ.સી.ડી.એસ.- અર્બન-૧
મહાનગર પાલિકા, ભાવનગર

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૫-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક :
પીએેડી- ૧૦- ૨૦૦૭ - ૩૩૫૩૬૪- આરટીઆઈસેલનું બિડાણ)

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએેકટીવ ડીસ્કલોઝર (P.A.D) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૧-૫-૨૦૧૭ ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તારીખ :-

જાહેર માહિતી અધિકારી અને
જુ. કલાર્ક
આઈ.સી.ડી.એેસ.- અર્બન-૨
મહાનગર પાલિકા, ભાવનગર

